

વડોદરાની આજ અને કાલ...

# સંસ્કારી

SANDESH WWW.SANDESH.COM


**આજે રક્ષાબંધન** પરસ્પર રક્ષા, સ્નેહ, કર્તવ્ય અને શુભમંગલની પ્રાર્થના કરવાનો વૈદિક પર્વ

# MSUની વિદ્યાર્થિનીઓએ પ્રધાનમંત્રી મોદીને ૧૫ ફૂટની રાખડી મોકલીને કહ્યું, Gen Z તમારી સાથે

## એમ.એસ.યુનિ.માં રક્ષાબંધન પર્વની ઉજવણી : સમાનતા, ભાઈચારો અને ટીમ સ્પિરિટનો સંદેશ

**સંદેશ**

આજે શુક્રવારના રોજ રક્ષાબંધનના પર્વે બહેન ભાઈને રાખડી બાંધીને પરસ્પર રક્ષા, સ્નેહ, કર્તવ્ય અને શુભમંગલની પ્રાર્થના કરશે ત્યારે એમ. એસ.યુનિ.ની વિદ્યાર્થિનીઓએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ૧૫ ફૂટની રાખડી મોકલીને કહ્યું કે, Gen Z તમારી સાથે છે.

રક્ષાબંધન પર્વને પૂર્વે એમ.એસ. યુનિ.ના એજીએસયુ ગ્રૂપ દ્વારા એકતાના પ્રતિક સ્વરૂપ રક્ષા કવચ સમાન ૧૫ ફૂટની વિશાળ રાખડી બનાવીને પ્રધાનમંત્રીને ભેટ સ્વરૂપે દિલ્હી ખાતે મોકલાવી છે. રાખડી ઉપર પ્રધાનમંત્રીને રક્ષાબંધનની શુભેચ્છા સાથે Gen Z વિથ મોદીજી એવું લખાણ લખ્યું છે. આ સાથે વિદ્યાર્થિનીઓએ સંદેશ આપ્યો હતો કે, આપ જે રીતે દેશની સુરક્ષા, એકતા અને વિકાસ માટે સતત કાર્ય કરી રહ્યા છો, તે બદલ સમગ્ર દેશવાસીઓમાં ગૌરવની લાગણી છે. જેમ એક ભાઈ બહેનની રક્ષા માટે વચન આપે છે, તેવી જ લાગણી સાથે અમે આ રાખડી આપના માટે મોકલી રહ્યા છીએ.






## MSUના કર્મીઓ દ્વારા રક્ષાબંધન પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી

એમ.એસ.યુનિ.ની ફેકલ્ટી ઓફ કોમર્સ ખાતે રક્ષાબંધન પર્વની ઉજવણી કરતા યુનિવર્સિટીના દરેક સ્તરે કાર્યરત કર્મચારીઓ, શિક્ષકો, અધિકારીઓ અને વહીવટી તંત્ર વચ્ચે ભાઈચારો, સમાનતા, એકતા, ટીમ સ્પિરિટ અને સહકારની ભાવનાને વધુ મજબૂત બને તેવા આશય રખાયો હતો. જે વિશે ફેકલ્ટી ઓફ કોમર્સના પ્રો. પ્રજ્ઞેશ શાહે જણાવ્યું હતું કે, રક્ષાબંધનની ઉજવણી દરમિયાન ફેકલ્ટી ઓફ કોમર્સના વર્ગ ૪ના મહિલા કર્મચારીઓ કુલપતિ પ્રો. (ડૉ.) ભાલચંદ્ર ભાનગેને રક્ષાસૂત્ર બાંધીને કાર્યક્રમની શરૂઆત કરી હતી. ત્યાર બાદ યુનિ.ના બીજા કર્મીઓએ એક બીજાને રક્ષાસૂત્ર બાંધ્યું હતું. આ પ્રસંગે ફેકલ્ટી ઓફ ફેમિલી એન્ડ કોમ્યુનિટી સાયન્સના ડીન પ્રો. અંજલિ પહાડ, ફેકલ્ટી ઓફ સાયન્સના ડીન પ્રો. વિપુલ કલમકર તથા પોલિટેકનિક કોલેજના પ્રિન્સિપાલ પ્રો. જીતેન્દ્ર વાઢવા સહિત વિવિધ ફેકલ્ટીના પ્રતિનિધિઓ, શિક્ષકગણ, વહીવટી સ્ટાફ અને ક્લાસ-૪ના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.